# જિલ્લાના નવનિર્વાચિત સરપંચોના સંમેલનનો પ્રારંભ

## પંચાયતી રાજ વ્યવસ્થા તોડી પાડનારાઓને સમય આવે બતાવી દેવુ પડશે : બળદેવજી ઠાકોર

ગાંધીનગર, તા. ૩૦

રાજ્ય સરકારે આદર્શ ગણાતી પંચાયતી રાજ વ્યવસ્થાને ન્હોર વગરની બનાવી દીધી હોવાનો આક્ષેપ આજે કોંગી ધારાસભ્ય બળદેવજી ઠાકોરે કર્યો હતો તો ધારાસભ્ય કામિનીબા રાઠોડે સ્વચ્છતા અભિયાન અંતર્ગત બનેલા શૌચાલયોના નાણાં નહિ ચુકવાયા હોવાની વાત કરી હતી. આજે ગાંધીનગર જિલ્લાના નવા ચૂંટાઈ આવેલ સરપંચોને તાલિમ અને સન્માનના યોજાયેલ સમારોહમાં બોલતાં આ બન્ને કોંગી ધારાસભ્યોએ સરકારને આડે હાથે લીધી હતી.

આ સમારોહમાં બોલતાં બળદેવજી ઠાકોરે જણાવ્યુ હતુ કે પંચાયતી રાજ વ્યવસ્થાના અધિકારો અને હક્કો ઝુંટવી લેવાયા છે અને સમય આવે હવે આપણે તે બતાવવુ પડશે. તેમણે જણાવ્યુ હતુ કે ગ્રામ પંચાયતના સ્વભંડોળમાંથી ખર્ચ કરવા માટે વહીવટીય મંજૂરી મેળવવા જે ધક્કા ખાવા પડે છે તેમાંથી મુક્તિ મળવી જોઈએ તે નાણાં ગામના છે અને ગામના હિતમાં જ વપરાવવાના છે ત્યારે અધિકારી રાજ બંધ થવુ જોઈએ. તેમણે જણાવ્યુ કે સ્વચ્છતા એ સહિયારૂ અભિયાન છે અને એ માટે સૌ કટિબદ્ધ બને તે જરૂરી છે.

કોંગીના ધારાસભ્ય કામિનીબા રાઠોડે દહેગામ તાલુકામાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત નિર્માણ થયેલ શૌચાલયોના નાણાં હિસાબી વર્ષ પૂર્ણ થવા આવ્યુ તોય મળ્યા નથી એ દુ:ખદ ગણાવ્યુ હતુ. તેમણે જણાવ્યુ હતુ કે સરપંચોની જાગૃતતા જરૂરી છે પણ જાગૃતતાને મજબૂરી ગણવાની ભૂલ તંત્રએ ના કરવી જોઈએ.

તેમણે સૌને સાથે રાખી વિકાસ માટે આગળ વધવાની હાકલ પણ કરી હતી.

પૂર્વ ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ સંબોધતા જણાવ્યુ હતુ કે બધી વ્યવસ્થા ગોઠવાયેલી છે પણ છતાંય ધક્કારાજ ચાલે છે તે બરાબર નથી. તેમણે મહિલા સરપંચો સક્રિય બને અને સક્રિય ભાગીદારીતાથી વિકાસમાં અગ્રેસર બને તેના પર ભાર મુક્યો હતો.

આ પ્રસંગે ઈન્દ્રવિજયસિંહ ગોહિલ અને પૂર્વ ધારાસભ્ય બાબુસિંહ ઠાકોરે પણ પ્રાસંગિક ઉદ્દ્બોધન કર્યું હતું.

પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરે અધ્યક્ષીય પ્રવચનમાં જણાવ્યુ હતુ કે પંચાયતનું ઉદ્દ્ભવ સ્થાન જોઈએ તો વેદકાળથી થયેલ હતુ. રાજાશાહીમાં પંચાયતી રાજ માટે ૧૯૨૦માં મુંબઈ પંચાયત ધારો શરૂ થયો હતો ત્યારે ભારત દેશમાં રાષ્ટ્રીય ચળવળ ચાલતી હતી. ત્યારે સને ૧૯૦૯માં કોંગ્રેસની લાહોર બેઠકમાં ઠરાવ કરી નિર્ણય કર્યો હતો કે કોંગ્રેસ ગ્રામ પંચાયતથી ઉપરના સ્તર સુધી સ્વરાજની સંસ્થાઓ ચૂંટાયેલી હોય અને તેની પુરતી નાણાંકીય મદદથી સરકાર ચાલતી હોય આમ, સ્વતંત્ર ભારત પહેલા કોંગ્રેસનો પંચાયતી રાજ માટેનો સંકલ્પ સ્પષ્ટ હતો અને કોંગ્રેસ સ્પષ્ટ હતી. ૧૯૪૭માં ભારત સ્વતંત્ર થયા પછી સમગ્ર દેશમાં પંચાયતી રાજ અસ્તિત્વમાં ન હતુ. ગુજરાત જેવા કેટલાક રાજ્યમાં પંચાયતી રાજ હતુ, જેમાં ગુજરાતમાં તા. ૧-૪-૧૯૬ ૩થી પંચાયત રાજ અમલમાં આવેલ હતુ. પરંતુ કોંગ્રેસને આ વાતનો રંજ હતો. પરંતુ સમગ્ર ભારત દેશમાં એક સુત્રતા માટે પૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીની સરકારે ભારતના બંધારણમાં સંસદમાં સુધારા બીલ પસાર કરાવી તા. ૨૨ ડિસેમ્બર ૧૯૯૨માં મંજુર કરવામાં આવ્યુ અને આ સુધારા સાથે સમગ્ર ભારતમાં પંચાયતી રાજની સ્થાપના એપ્રિલ ૧૯૯૪ પહેલા થાય તેવો ભારતના બંધારણમાં સુધારો કરાવવો અને તે મુજબ ગુજરાતમાં નવો પંચાયત અધિનિયમ ૧૯૯૩ને મંજુરી મળતા તા. ૧૫-૪-૧૯૯૪થી અમલી બન્યો.

જ્યારે ત્રિસ્તરીય પંચાયત વહીવટના ભાગીદાર બન્યા છો અને આપ આપની ગ્રામ પંચાયતમાં સરપંચ તરીકે આરૂઢ થયેલ છો ત્યારે ગ્રામજનોએ આપશ્રીમાં મુકેલ વિશ્વાસ અને સોંપેલ જવાબદારીમાં શ્રેષ્ઠ પુરવાર કરીને આપની ગ્રામ પંચાયતને પારદર્શક વહીવટ પુરો પાડશો તેવી આપ સૌ પાસે અપેક્ષા રાખુ છુ. પ્રારંભમાં જિલ્લા વિકાસ અધિકારી દેસાઈએ તાલિમનું મહત્વ સમજાવ્યુ હતુ તેમજ પંચાયતી રાજ વ્યવસ્થા અંગેની સમજ આપી સૌનું સ્વાગત કર્યું હતું.




**સ્વચ્છતા અભિયાનમાં શૌચાલયની સહાય હજુ ચુકવવામાં આવી નથી : કામિનીબા; મહિલાઓ તેમની સક્રિય ભાગીદારીથી ગ્રામ વિકાસને નવી દિશા આપે : ડૉ. ચાવડા; પંચાયતી રાજ વ્યવસ્થાને મજબુત કરવાનું કામ સ્વ. રાજીવ ગાંધીએ કર્યું હતું : રામાજી ઠાકોર**

### નેતાઓ-સભ્યોની ગેરહાજરી સૌની ચર્ચાનો મુદ્દો બની

ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા આજે યોજાયેલ સરપંચ તાલિમ અને સન્માનના કાર્યક્રમમાં કોંગીના મોભી નેતાઓની ગેરહાજરી તેમજ જિલ્લા કોંગીના સંગઠ્ઠનના આગેવાનોની ગેરહાજરીએ સૌના મુખે ચર્ચાનું કેન્દ્ર બની હતી. આજે યોજાયેલ આ સમારોહમાં પૂર્વ સાંસદ જગદીશ ઠાકોર, ધારાસભ્ય અમીત ચૌધરી, કારોબારી સમિતિના ચેરમેન અરવિંદસિંહ સોલંકી, જિલ્લા પંચાયતના ચૂંટાયેલા મોટાભાગના સભ્યોની ગેરહાજરી તેમજ તાલુકા પંચાયતના સભ્યો અને પદાધિકારીઓની ગેરહાજરી જિલ્લા કોંગી સંગઠ્ઠનના હોદ્દેદારોની ગેરહાજરીએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું.

ચૂંટાયેલા સરપંચોની ગેરહાજરી પણ વધુ દેખાતી હતી. એક તબક્કે સરપંચો સાથે આવેલા પ્રતિનિધિઓ ડાયસ પર સન્માન માટે આવતાં સ્ટેજ પરથી તેમના પ્રતિનિધિઓને ન આવવાની જાહેરાત કરવી પડી હતી.

# હોસ્પિટલમાં વગર નોકરીએ તબીબને ઘી કેળા..!

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સંચાલિત ગાંધીનગર હોસ્પિટલમાં ૧૧ માસના કરાર આધારીત ડોકટરની સેવા પૂર્ણ થઈ ગઈ છે. ત્યારબાદ ડોકટરને કોન્ટ્રાકટ રીન્યુ કરવા માટેની અરજી આપવાની હોય છે. જેથી મેડીકલ કોલેજ તંત્ર દ્વારા જરુર જણાય તો કોન્ટ્રાકટ રીન્યું કરવામાં આવે છે. પરંતુ ડોકટર દ્વારા રીન્યુ માટેની અરજી આપવામાં ન આવતા ફરજ મુકત કરવામાં આવ્યા છે. ત્યારે હોસ્પિટલમાં કોન્ટ્રાકટ પુરો થઈ ગયો હોવા છતા કારમી મોંઘવારીમાં ડોકટર પોતાના નિયત દિવસોમાં દર્દીઓની સેવા કરવા આવે છે કે મેવા મેળવવા તે સંકુલમાં ચર્ચાનો વિષય બનવા પામ્યો છે. ત્યારે ખુદ સિવિલ તંત્ર આ વાતથી અજાણ છે કે પછી કોઈ ઉપરી અધિકારીના ચાર હાથના આશિર્વાદ મેળવ્યા છે આ ડોકટરે તે પણ તપાસનો વિષય છે.

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી સંચાલિત મેડીકલ કોલેજમાં દર્દીઓને ઉત્તમ સેવા આપવામાં આવે છે. ત્યારે હોસ્પિટલમાં ખુટતા ડોકટરની જગ્યા ૧૧ માસ આધારીત ભરતી કરવામાં આવે છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પણ જરુરી ખુટતા ડોકટરોની ૧૧ માસ કરાર આધારીત ભરતી કરવામાં આવી છે.ત્યારે હોસ્પિટલના એક વિભાગમાં ફરજ બજાવતા ડોકટરના ૧૧ માસનો કોન્ટ્રાકટ પુરો થઈ ગયો છે. તંત્ર દ્વારા બે માસ લંબાવામાં આવ્યા હતા. તે સમયગાળો પણ પૂર્ણ થઈ ગયો છે. ત્યારે હોસ્પિટલના અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ડોકટર દ્વારા કોન્ટ્રાકટ રીન્યુ માટે અરજી કરી ન કરવામાં આવતા કોલેજ તંત્ર દ્વારા તબિબને ફરજ મુકત કરાયા છે. છતા પણ તબિબ જે તે વોર્ડમાં સમયનુસાર પોતાના જે તે દિવસોમાં આવીને દર્દીઓની સારવાર કરે છે. ત્યારે હોસ્પિટલમાં હજ્જારો રૂપીયા પગાર લેતા ડોકટર સમયસર આવતા ન હોવાથી ફરિયાદો દર્દીઓ દ્વારા ઉઠવા પામે છે. ત્યારે હોસ્પિટલમાં વગર પગારે નોકરી એ આવતા અને દર્દીઓની સેવા કરતા ડોકટર પર સંકુલમાં વિવિધ પ્રકારના આક્ષેપો ઉઠી રહ્યા છે.ત્યારે હોસ્પિટલના સત્તાધિશો પણ આ વાતથી શું અજાણ છે..તે પણ તપાસનો વિષય છે.



મહાનગરપાલિકામાં રૂ. ૨૦૦ લાખના કથિત ભ્રષ્ટાચાર સામે જિલ્લા યુવક કોંગ્રેસ દ્વારા આજે આક્રોશ રેલીનું આયોજન કરાયું હતુ. આ રેલીમાં પ્રદેશ યુવક કોંગ્રેસના ઉપપ્રમુખ જીતુ રાયકા, જિલ્લા પ્રમુખ ભાવેશ દેસાઈ, પ્રદેશ મંત્રી સમસાદ, શહેર પ્રમુખ ડૉ. કૌશિક શાહ, કાઉન્સીલરો અંકિત બારોટ, મીનાબા વાઘેલા, શ્રીમતિ હિરલબેન જોશી, હસમુખ મકવાણા, પીન્કીબેન પટેલ, પૂર્વ કાઉન્સીલર હર્ષજીત પંડ્યા, મહિલા કોંગ્રેસના પ્રમુખ ભાનુમતિબેન, પૂર્વ પ્રમુખ મુકેશ પટેલ, મહામંત્રી રાકેશ જાની સહિતના સૌ અગ્રણીઓ જોડાયા હતા. રેલીને અંતે કમિશનરને આવેદન પત્ર આપી આ કૌભાંડની સર્વગ્રાહી તપાસની માંગ કરવામાં આવી હતી.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ભૌતિકવાદી અમેરીકાએ માણસો પર બેન લગાવી આતંકવાદનો સામનો કર્યો... અને આપણે માનવતા વાદી દેશે નોટ બેન કરી ભૌતિકવાદી રીતે લડવાનું નક્કી કર્યું લાગે છે...

# ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે આપ પાર્ટી દ્વારા આઝાદી આંદોલનના શ્રી ગણેશ કરાયા

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે આજે સવારના સુમારે આપ પાર્ટી દ્વારા ગુજરાત આઝાદી આંદોલન ગુજરાત આઝાદી આંદોલન આપ પાર્ટી દ્વારા યોજીને આંદોલનના શ્રી ગણેશ કર્યા છે.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના બલિદાન દિવસે આપ પાર્ટી દ્વારા ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે શહેરના કાર્યકરો એકઠા થયા હતા. જેમને ગાંધીજીના પ્રિય ભજન રઘુપતિ રાઘવ રાજા રામ થી કાર્યક્રમની શરુઆત કરી હતી.




યોજાયું હતું. જેમાં શહેરના આપ પાર્ટીના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. ત્યારે સમગ્ર ગુજરાતમાં ૧૮૨ વિધાનસભા બેઠકો પર આંદોલન શરુ કરવામાં આવ્યું છે. ગુજરાતના નાગરીકોને તેમની સમસ્યા અને અમિત શાહની ગેંગથી આઝાદી અપાવવાનો છે. ત્યારે આ પ્રસંગે હાજર આગેવાનોએ કાર્યકરોને પ્રેરણાદાયી પ્રવચન પુરુ પાડ્યું હતું અને આગામી રણનિતી વિશે માહિતગાર કર્યા હતા.

# બોરીજમાં દારૂ બંધ કરાવવા ક્ષત્રિય ઠાકોર સેનાનું પોલીસને અલ્ટીમેટમ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ અને મંત્રી નિવાસ સ્થાનને અડીને આવેલા બોરીજ ગામમાં દેશી દારુનું બેફામ વેચાણ થાય છે. ત્યારે દેશી દારુના દુષણથી અને ગામમાં ઠેરઠેર થતા વેચાણથી ગામ તેમજ શહેરનું યુવાધન બરબાદીના પંથે જઈ રહ્યું છે. યુવાનો દારુની લતને પગલે બેકાર બનીને ઘરમાં પણ કંકાશ ઉભો કરી રહ્યા છે. પોતાના પરિવારની ચિંતા છોડીને માત્ર દારુના નશામાં ગળાડુબ બનેલા રહે છે.જેથી ગ્રામજનોને પારાવાર મુશ્કેલીઓ નડી રહી છે. ત્યારે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા ગાંધીનગર પોલીસ તંત્રને બોરીજ ગામના બુટલેગરો સામે કડક પગલા લેવા અનુરોધ કર્યો છે. તેમજ આ અંગે આગામી દસ દિવસમાં કોઈ અસરાત્મક પગલા નહી લેવામાં આવે તો ઉચ્ચકક્ષાએ જાણ કરીને જાણ કરવામાં આવશે. ત્યારબાદ પણ કડક અમલવારી નહી થાય તો ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા બોરીજ ગામમાં જનતા રેડ કરવામાં આવશે તેમ બોરીજ ઠાકોર સેના દ્વારા જણાવાયું છે.

# ડભોડા સાલુજીના મુવાડા પ્રાથમિક શાળાનું ગૌરવ

ચિલોડા, તા.૩૦

તાલુકાના ડભોડા સ્થિત સાલુજીના મુવાડા પ્રાથમિક શાળાના ધોરણ-૮માં અભ્યાસ કરતા જયદિપસિંહ બળવંતસિંહ યાદવ તથા




અર્પિત અંકિતકુમાર રાવત બે વિદ્યાર્થીઓએ રાજય પરીક્ષા બોર્ડ ગુજરાત રાજય આયોજિત નેશનલ મીન્સ કમ સ્કોલરશિપ (એન.એમ.એમ.એસ.) પરીક્ષા ૨૦૧૬માં શ્રેષ્ઠ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થઈ મેરીટમાં સ્થાન મેળવી શિષ્યવૃત્તિનો લાભ મેળવવા પાત્ર બન્યા છે. આ સફળ બંને તેજસ્વી વિદ્યાર્થીઓને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

# રોટરી ક્લબ દહેગામ દ્વારા હેપી સ્ટ્રીટમાં ચિત્ર સ્પર્ધા યોજાઈ

રોટરી ક્લબ દહેગામ અને અન્ય સંસ્થાઓ દ્વારા પ્રાયોજિત હેપી સ્ટ્રીટ દહેગામ શહેરમાં આકર્ષણનું કેન્દ્ર બની છે. અહીં દર રવિવારે અબાલ વૃદ્ધ સૌ પોતાને ગમતી પ્રવૃત્તિઓ કરે છે અને આનંદ માણે છે.

તા. ૨૯ જાન્યુઆરી રવિવારે ખુલ્લા રોડ પર આકાશ નીચે 'સ્વચ્છ ભારત અભિયાન' વિષયે ચિત્ર-સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકો, યુવાનો, વડીલો, મહિલાઓ સૌએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને પોતાની કલા પ્રદર્શિત કરી હતી. સ્પર્ધકો દ્વારા દોરવામાં આવેલ ચિત્રોનું નિષ્ણાંત જજો દ્વારા મુલ્યાંકન કરી પ્રથમ દ્વિતિય અને તૃતીય વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. જેમને રોટરી ક્લબ



દહેગામ દ્વારા ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ. આ પ્રસંગે રોટરી દહેગામના પ્રેસિડેન્ટ જગદીશ પટેલ, આસી. ગર્વનર તુલસી પટેલ, સેક્રેટરી પલક શાહ, ધનસુખ પટેલ, હિરાલાલ પટેલ, ચિલકેશ પટેલ, હર્ષદ પટેલ તથા પૂજા ડેવલોપર્સના ડાયરેક્ટર રોટે. પરેશ પટેલ ખાસ હાજર રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા.

### સમસ્ત ખડાયતા સમાજ તેજસ્વી તારલાઓને સન્માનશે

શ્રી સમસ્ત ખડાયતા સમાજ ગુજરાત ગાંધીનગર દ્વારા આગામી તા. ૧૨ ફેબ્રુઆરીને રવિવારના રોજ આંબેડકર હોલ સેક્ટર-૧૨ ખાતે બપોરે ૨.૩૦ કલાકે સમાજના તેજસ્વી તારલાઓને મહેમાનોના હસ્તે પ્રોત્સાહન ઈનામ આપી સન્માનીત કરવામાં આવશે. જ્યારે વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર અને ૭૦ વર્ષ પૂર્ણ કરનાર વડીલ જ્ઞાતિજનોનું બહુમાન કરવામાં આવશે. આ પ્રસંગે સમાજના બાળકો સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રજુ કરશે. જેમાં ગીત સંગીતની સાથે નૃત્ય રજુ કરવામાં આવશે.

**જાહેર નિવિદા**

**પ્રિન્ટરોમાં રીફીલીંગ / રીપેરીંગ કરવા અંગેનો વાર્ષિક કોન્ટ્રાક્ટ આપવા બાબત.**

**શ્રમ આયુક્તશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય**

બ્લોક નં. ૧૧, ૧૨, ૧૪ ૨જો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
ફોન નં. ૨૩૨૫૫૯૯૭, ૨૩૨૫૭૫૦૦, ૫૦૩

કચેરીના કાર્યરત પ્રિન્ટર મશીનમાં ટોનર રીફીલીંગ / રીપેરીંગ કરવા માટેનો વાર્ષિક જાળવણીની કામગીરીમાં રસ ધરાવતી સ્થાનિક સંસ્થાઓ પાસેથી ભાવ મંગાવવામાં આવે છે. ટેન્ડર ફોર્મ તારીખ ૧૦/૨/૨૦૧૭ સુધીમાં કચેરી સમય દરમિયાન રૂ. ૧૦૦/- રોકડા ભર્યેથી મળશે.

સહી/-
અધિક શ્રમ આયુક્ત
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૨૫૯૬/૧૬-૧૭